

(તસવીર : દિપક જાની)

આપણું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪૯ | ૧ મે, ૨૦૧૪, ગુરૂવાર; વૈશાખ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર બેઠક પર બમ્પર મતદાન

## અઢી દાયકાનો વિક્રમ તૂટ્યો : છેલ્લી લોકસભા ચૂંટણી કરતાં ૧૫ ટકા જેટલુ મતદાન વધતાં રાજકીય સસ્પેન્શ : ૧૯૮૯ કરતાં પણ વિક્રમી મતદાન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં આજે સૌથી વધુ વિક્રમી મતદાન ૬૫ ટકા કરતાં વધુ નોંધાયુ છે. જે આ સંસદીય મતવિસ્તારની યોજાયેલી સાત ચૂંટણીમાં સૌથી વધુ છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં યોજાયેલી છેલ્લી સાત લોકસભા ચૂંટણીઓના મતદાન પર નજર કરીએ તો ૧૯૮૯માં ૫૬.૭૪ ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે ૨૦૦૯માં યોજાયેલ છેલ્લી લોકસભા ચૂંટણીમાં ૫૦.૮૩ ટકા મતદાન થયું હતું.

છેલ્લા અઢી દાયકામાં નોંધાયેલા આ ભારે મતદાનને લઈ રાજકીય નિરીક્ષકો પણ અચંબિત બની ગયા છે. જો કે તંત્રના અધિકારીઓ છેલ્લી ચૂંટણી કરતાં ૧૦ ટકા જેટલુ વધુ મતદાન થશે તેવો અંદાજ સેવતા હતા પરંતુ ૧૫ ટકા કરતાં વધુ મતદાન આ બેઠક પર થયું છે.

૧૯૮૯માં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં ૫૬.૭૪ ટકા મતદાન થયું હતું. ૧૯૯૧માં ૪૪.૭૭ ટકા, ૧૯૯૬માં ૨૭.૮૧ ટકા, ૧૯૯૮માં ૫૦.૭૧ ટકા, ૧૯૯૯માં ૪૦.૪૨ ટકા, ૨૦૦૪માં ૩૯.૭૪ ટકા તો ૨૦૦૯માં ૫૦.૮૩ ટકા મતદાન નોંધાયુ હતું.

આજે સવારથી જ આ ચૂંટણીમાં મતદાન માટે મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો. ગાંધીનગર શહેરના ઘણા બુથો પર લાઈનો પણ જોવા મળી હતી. જો કે બપોરના સમયે ગતિ થોડીક મંદ જરૂર પડી હતી પરંતુ તે સતત સરેરાશ ૧૦ ટકાનો વધારો દરેક કલાકે નોંધાતો હતો.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં વિક્રમી મતદાન થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે. જો કે નાની-મોટી ઘર્ષણની છુટી છવાઈ ઘટનાઓ સવારના સમયે જોવા મળી હતી.

વી.વી.પેટનો ઉપયોગ પ્રથમવાર થઈ રહ્યો હોવાથી લોકોમાં પણ ભારે ઉત્સાહનું કારણ હોવાનું અનુમાન રાજકીય આગેવાનો કરી રહ્યા છે. આ ઉપરાંત મતદાર સ્લીપ જે ચૂંટણી પંચ દ્વારા વિતરણ કરાઈ હતી તે પણ કારણભૂત છે.

આખા રાજ્યમાં સૌથી વધુ મહિલા મતદારો ધરાવતા આ સંસદીય મતવિસ્તારમાં મહિલાઓએ પણ મતદાનમાં સારી એવી જાગૃતિ દાખવી હતી. વૃદ્ધ મહિલાઓ પણ મોટી સંખ્યામાં બહાર આવી હતી.

૨૦૦૯ની ચૂંટણી કરતાં બે લાખથી પણ વધુ નવા નોંધાયેલા મતદારોમાં ખાસો ઉત્સાહ જોવા મળતો હતો. યુવા મતદારો અને જીવનના પાંચ દાયકા વટાવી ચુકેલા મતદારો લગભગ સરખે સરખા મતદાન માટે ઉત્સાહી જણાયા હતા.

આજે ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતવિસ્તારો જે ૩ સંસદીય મતવિસ્તાર સાથે સંકળાયેલા છે તેમાં પણ ભારે મતદાન થવાના અહેવાલો છે. શહેરી વિસ્તારોમાં યુવા મતદારો વધુ બહાર આવ્યા હતા. ગ્રામ્ય વિસ્તારોમાં મતદારો ખાનગી વાહનો સાથે મતદાન મથક પર ઉમટી પડ્યા હતા.


ART, BEAUTY & MAGIC OF HANDICRAFT & HANDLOOM OF INDIA
Handloom & Handicraft Special Summer Collection
સમર શોપિંગ ફેસ્ટીવલ
થોડા દિવસ માટે જ
મેરઠની ખાદી-શર્ટ, બોમ્બેની ફેન્સી ચંપલ, કશ્મીરી ડ્રેસ, શાલ, સાડી, બોમ્બે અને જયપુરી ટોપ-સ્કર્ટ-કુર્તિ, લેગીન્સ, જયપુરી બેંગલ્સ-મોજડી, ચંપલ, ભદોઈની કાર્પેટ, બોમ્બેની ફેન્સી જવેલરી, સોફા કવર, પડદા, જયુટ બેગ, બોમ્બે પર્સ, ટોઈઝ, મુખવાસ, જડીબુટ્ટી, કન્ઝયુમર, હેલ્થકેર પ્રોડક્ટ ટેરાકોટા, કોકરી ૩૦ હજારથી પણ વધારે ઘર વપરાશની, હેન્ડલુમ અને હેન્ડીકાફ્ટની વસ્તુનું પ્રદર્શન સહ વેચાણ એક જગ્યાએ
:: Time :: 3.00 pm to 10.00 pm
ENTRY & PARKING FREE
સ્થળ : એસ.પી. બસ સ્ટેન્ડ ની સામે, સહીયર ગ્રાઉન્ડ, સેક્ટર - ૬, ગાંધીનગર.




### ગાંધીનગર લોકસભા બેઠકમાં કયા વિસ્તારમાં કેટલું મતદાન

| વિધાનસભા મત વિભાગ | ૫.૦૦ વાગ્યા સુધી મતદાન ટકાવારીમાં |
|---|---|
| ૩૬ ગાંધીનગર (ઉ) | ૬૦.૯૨ ટકા |
| ૩૮ કલોલ | ૫૫.૩૩ ટકા |
| ૪૦ સાણંદ | ૬૦.૬૧ ટકા |
| ૪૧ ઘાટલોડિયા | ૬૨.૬૭ ટકા |
| ૪૨ વેજલપુર | ૬૨.૪૬ ટકા |
| ૪૫ નારણપુર | ૬૨.૦૪ ટકા |
| ૫૫ સાબરમતી | ૫૮.૭૦ ટકા |
| કુલ - | ૬૦.૬૫ ટકા |

### ગુજરાતમાં લોકસભા ચુંટણી કયારે-કેટલું મતદાન

| વર્ષ | મતદાન (ટકાવારીમાં) |
|---|---|
| ૧૯૬૨ | ૫૮.૦૩ |
| ૧૯૬૭ | ૬૩.૭૭ |
| ૧૯૭૧ | ૫૫.૪૯ |
| ૧૯૭૭ | ૫૯.૨૧ |
| ૧૯૮૦ | ૫૫.૪૧ |
| ૧૯૮૪ | ૫૭.૪૧ |
| ૧૯૮૯ | ૫૪.૫૮ |
| ૧૯૯૧ | ૫૦.૦૪ |
| ૧૯૯૬ | ૪૮.૦૫ |
| ૧૯૯૮ | ૪૮.૦૩ |
| ૧૯૯૯ | ૫૨.૦૫ |
| ૨૦૦૪ | ૪૭.૦૪ |
| ૨૦૦૯ | ૪૭.૮૯ |
| ૨૦૧૪ (અંદાજે) | ૬૨.૦૦ |

### મોદી આજે આંધ્રમાં ૫ ચૂંટણી સભાઓ યોજશે

અમદાવાદ, તા. ૩૦

ભાજપ પ્રદેશ મિડીયા સેલની એક યાદી જણાવે છે કે, આવતીકાલે તા. ૧-૫-૧૪ને ગુરૂવારના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આંધ્રપ્રદેશમાં પાંચ ભારત વિજય ચૂંટણી સભાઓ સંબોધશે. નરેન્દ્ર મોદી આંધ્રપ્રદેશમાં જે સભાઓ સંબોધવાના છે તેમાં સવારે ૯:૪૫ કલાકે મદન પલ્લઈના બીજે કોલેજ મેદાન ખાતે. ૧૧:૪૫ કલાકે નિલ્લોરના સરકારી હોસ્પિટલ સામે આવેલા એસી સ્ટેડિયમ ખાતે, બપોરે ૧:૪૫ કલાકે ગુંટુરના રીંગ રોડ નજીક ભાષ્ય સ્કુલના ગ્રાઉન્ડમાં, બપોરે ૩:૩૦ કલાકે ભીમાવરમના વિલ-પેદામીરાના ખુલ્લા મેદાનમાં તથા સાંજે ૬ કલાકે વિશાખાપટ્ટનમના ઈન્દિરા પ્રિયદર્શની મ્યુનિસિપલ સ્ટેડિયમ ખાતે સભાઓ યોજાશે.

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

આપના અવસરને ઉત્સવ બનાવો...
Videography & Photography
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯
Web Designing
Live Video Coverage
vivify
Vision Video Films Production
C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Hadmatiya, Gandhinagar.




ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧